હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હવે એ બધુ મુકી દો.. કોરોનાના એડવાન્સ સ્ટેજમાં આ ગુરૂજી કરે છે એ તમારે કરવાનું ચાલુ કરવાનું છે...

લોકડાઉન દરમ્યાન એસટીની પ્રશંસનીય કામગીરી

કોરોનાની મહામારી દરમ્યાન એસટી નિગમે કરેલી શ્રેષ્ઠ કામગીરીની હાઈકોર્ટે નોંધ લીધી : ગુજરાત વાહનવ્યવહાર નિગમના મેનેજીંગ ડીરેક્ટર એન.જે. હૈદરે કામગીરીનુ સુંદર સંચાલન કર્યુ

ગાંધીનગર, તા. ૧૪

લોકડાઉન દરમ્યાન પરપ્રાંતિયોને તેમના વતન પહોંચાડવા માટે ગુજરાત એસટી નિગમ દ્વારા કરવામાં આવેલી કામગીરીની નોંધ ગુજરાત હાઈકોર્ટે લીધી છે અને ગુજરાત વાહનવ્યવહાર નિગમના મેનેજીંગ ડીરેક્ટર એસ.જે. હૈદરની પ્રશંસનીય કામગીરીને બીરદાવી છે.

માર્ચ મહિનામાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં લોકડાઉન થયુ તે પછી પણ ગુજરાત વાહનવ્યવહાર નિગમની કામગીરી સતત ચાલુ રહી હતી. મેડીકલ, પેરા મેડીકલ અને પોલીસ ફોર્સને તેમના ડ્યુટીના સ્થળે પહોંચાડવાના હોય કે શ્રમિકોને રાજસ્થાન-મધ્યપ્રદેશ પહોંચાડવાના હોય કે પછી પરપ્રાંતિયોને રેલવે સ્ટેશન સુધી મુકી આવવાના હોય આ તમામ કામગીરીમાં એસટી નિગમની બસો જોડાઈ હતી. એસટીના ડ્રાઈવર-કંડક્ટરોએ પોતાના જાતની પરવા કર્યા વિના આ કામગીરી લોકડાઉનના સમયમાં પણ સુપેરે પાર પાડી હતી. લોકડાઉનના સમય દરમ્યાન આ ખાસ કામગીરી માટે એસટી નિગમે ૨૦૭૯૦ બસોનું સંચાલન કર્યુ હતુ અને ૬,૪૮,૦૩૫ મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાને પહોંચાડ્યા હતા. મુસાફરોને એસટી નિગમ દ્વારા વહીવટીતંત્રના સંકલનમાં રહી વિશેષ સુવિધાઓ પણ પુરી પાડવામાં આવી હતી. ગુજરાત વાહન વ્યવહાર નિગમના મેનેજીંગ ડિરેક્ટર એસ.જે. હૈદરે સમગ્ર કામગીરીનું બખૂબી સંચાલન કર્યુ હતુ અને પોતાના કર્મચારીઓને સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. ગુજરાત એસ.ટી. દ્વારા થયેલી આ કામગીરીની નોંધ ગુજરાત હાઈકોર્ટે પણ લીધી છે.

ગાંધીનગરમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. વહેલી સવારે વીજળીના કડાકાભડાકા સાથે વરસાદ તુટી પડતાં શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ઠેર ઠેર પાણી ભરાતા વહેલી સવારે દૂધ લેવા નીકળેલા નગરજનોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ક્યાંક પત્થર મુકીને તો ક્યાંક દૂધના કેટ મુકીને ગ્રાહકોને સુવિધા પૂરી પાડવામાં આવી હતી.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક પણ પોઝીટીવ કેસ ન નોંધાતા મનપાતંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.
- ગાંધીનગર શહેરમાં મનપાતંત્ર દ્વારા ૯ હજાર કિલો બાયો મેડિકલ વેસ્ટનું કલેક્શન કરી તેનો નિકાલ કરવામાં આવ્યો છે.
- વરસાદના આગમન સાથે શાકભાજીના ભાવોમાં પણ આજે કડાકો જોવા મળ્યો હતો.
- આજે સવારે ધો. ૧૨નું સામાન્ય પરિણામ આવશે અને સાથે જ રાજયભરમાં ઈ-લર્નિંગનો મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા પ્રારંભ કરાવવાને લઈ શિક્ષણ વિભાગ આજે સતત વ્યસ્ત રહ્યો હતો.
- રાજયસભાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે પાટનગરમાં રાજકીય ગતિવિધિઓ પણ વેગીલી બની છે. ગ્રુપ બેઠકોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર શહેરમાં ગઈ રાત્રે પડેલા તોફાની વરસાદના વર્ણનની વાતો આજે ટોક ઓફ ધી ટાઉન બની હતી.

ગલુદણ પાટીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈક ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૪

દહેગામ-નરોડા માર્ગ પર ગલુદણ પાટીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈક ચાલકનું મૃત્યુ નિપજયુ હતું. દહેગામ ખાતે રહેતા યુસુફભાઈ મનસુરી રાયપુર ગામ જઈ રહ્યા હતા તે સમયે અકસ્માત નડ્યો હતો. બનાવ અંગે મૃતકના પુત્રએ ડભોડા પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ દહેગામની રામેશ્વર સોસાયટી ખાતે રહેતા યુસુફભાઈ મનસુરી ગાંધીનગર નજીક આવેલા રાયપુર ગામે રૂપીયાની ઉઘરાણી માટે નીકળયા હતા. સવારે સાડા સાત વાગ્યાના અરસામાં તેમના પુત્રને પિતાના નંબર પરથી ફોન આવ્યો હતો. જેમાં અજાણ્યા નાગરીકે અંગે જાણ કરી હતી, જેથી આધેડના બંન્ને પુત્રો તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જેમાં પિતા માર્ગની બાજુમાં પડ્યા હતા અને તેઓને માથામાં અને જમણા હાથે પગે ઈજા પહોંચી હતી. જેથી ૧૦૮ મારફતે દહેગામ સરકારી દવાખાને સારવાર માટે લાવવામાં આવ્યા હતા. જયા સાડા નવ વાગ્યાના સુમારે ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના બાઈકને કયા વાહને ટક્કર મારી તે અંગે કંઈ માહિતી મળી નથી. મૃતકના પુત્ર રીઝવાન મનસુરીએ ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન સામે ગુનો નોંધી ધોરણસરની તપાસ શરુ કરી છે.

"માનવતા પરમો ધર્મ..." માનવતાથી શ્રેષ્ઠ કાંઈ નથી. કેટલાક લોકો અને કેટલીક સંસ્થાઓ ફક્ત આ કામગીરી માટે પોતાનુ મોટાભાગનો સમય પસાર કરે છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા આઠ મહિનાથી સરદારનગરની એક સેવા સંસ્થાના શીખભાઈઓ નાસ્તો લઈને આવે છે અને દર્દીઓના સગાવહાલાઓને ભરપેટ નાસ્તો કરાવે છે. કોરોનાના સમયમાં પણ તેઓએ દરરોજ આ સેવા સોશિયલ ડીસ્ટન્સીંગના નિયમોના પાલન સાથે કરી હતી.

મોડી રાત્રે ચિલોડા પંથકમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ

ગામનું વિશાળ તળાવ વરસાદી પાણીથી ભરપૂર, ખેડૂતો ખુશખુશાલ બન્યા

ચિલોડા, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના ચિલોડા વિસ્તારમાં શનિવારે મોડી રાત્રે ૩ વાગ્યાના સમયે બાફ-ઉકળાટ વચ્ચે આકાશમાંથી ગગનભેદી ગાજવીજ તેજ વીજળીના કડાકા અને ભડાકા સાથે દોઢ કલાક સુધી ધોધમાર મેઘરાજાની પધરામણી થતાં ઘોર નિંદ્રામાં પોઢી રહેલા ગ્રામજનોની ઉંઘ હરામ થઈ જતાં ટપોટપ ઘરની લાઈટો બંધ કરવા મજબુર બન્યા હતા. વેહેલી સવારે ધોધમાર વરસાદની ધમાકેદાર એન્ટ્રીથી ઘણપ મુઠિયા કાંસમાંથી પાણીનો વહેણ વહેતાં ચિલોડા ગામના પાદરે આવેલુ વિશાળ લીલીવેલથી છવાયેલ તળાવ છલકાઈ જતાં કાંસમાં નદીરૂપે વહેવા માંડ્યુ હતુ. આમ ધમાકેદાર વરસાદથી ખેતરોમાં પાણીના મીની સરોવર બન્યા હતા. આમ સારા વરસાદના એંધાણોથી અને વાવણીલાયક વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વીજળીના કડાકા અને ભાડાકાથી કોઈ નુકસાન થાય તે પહેલા લોકો સજાગ બન્યા હતા. બજારમાં પ્લાસ્ટીક મિણીયુ ખરીદવા ભારે ભીડ જામી હતી.

ખેતર નજીક છાપરું બાંધવાની ના પાડતા ખેડૂત પર હુમલો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક આવેલા ઝુંડાલ ગામે ખેતરમાં છાપરુ બાંધવાની ના પાડતા ખેડુત પર હુમલાની ઘટના બનવા પામી છે. ચાર જણાએ ભેગા મળીને ખેડુતને ગડદા-પાટુનો માર મારી ઈજા પહોંચાડી છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે હુમલાખોરોને પકડવા માટે આગળની તપાસ હાથ ધરી છે.

બનાવની મળતી વિગત મુજબ ઝુંડાલ અક્ષરધામ સોસાયટી ખાતે રહેતા ચેતનભાઈ આદરભાઈ પટેલ ગામની સીમમાં આવેલ બાંધકામની સાઈટ પર ખેતી કરે છે. સવારે નવ વાગ્યાના સુમારે તેઓ ખેતરમાં હતા ત્યારે ગામના મહોતજી કાળાજી ઠાકોર ખેતરની તાર ફેન્સીગ પાસે ચાની લારી મુકીને છાપરુ બાંધતા હતા. ફરીયાદીએ પોતાની જમીન હોવાનું કહીને છાપરુ બાંધવાની ના પાડી હતી. જેથી તેઓ ત્યાંથી પરત જતા રહ્યા હતા. જેથી ફરીયાદીએ ખેતરની બાજુમાં આવેલી જમીન પર તાર ફેન્સીગનું કામ ચાલુ કરાવ્યું હતું. જેને પગલે મહોતજી ઠાકોર, રૂખીબેન ભવાનજી ઠાકોર, સુમીબેન ભવાનજી ઠાકોર, માયાભાઈ લક્ષ્મણજી ઠાકોર ફરીયાદીના ઘરે આવ્યા હતા. આ ચારેય વ્યકિતએ જોરજોરથી બુમ બરાડા કરતા ફરીયાદી તેમના મોટાભાઈ સાથે વાત કરવાનું કહીને ઘરમાં જતા રહ્યા હતા. આ સમયે ફરીયાદીના ભાઈ આવતા મહોતાજીએ તેમના પર હુમલો કર્યો હતો અને ગડદા પાટુનો માર માર્યો હતો. આ મુદ્દે ચેતનભાઈ પટેલે હુમલો અને જાનથી મારી નાંખવાની ફરીયાદ નોંધાવી છે. જેમાં તેઓએ આક્ષેપ કર્યો છે કે મહોતજી એ તેમના ભાઈના ગળામાંથી સોના તેમજ રૂદ્રાક્ષની રૂ.૧.૧૦ લાખની માળા ખેંચી લીધી હતી.

ભ્રષ્ટાચાર વિરોધી નેતા અને આધુનિક ગાંધી અન્ના હઝારે BJP અને AAPથી છેતરાયા હતા

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

કિસન બાપટ બાબુરાવ હઝારે એટલે આજના અન્ના હઝારેના નામથી જાણીતા થયેલા પ્રખર આંદોલનકારી નેતા આજે શાંત છે. એક સમયે યુપીએ સરકારના કૌભાંડો તેમજ જન લોકપાલ બીલના મુદ્દે સમગ્ર દેશમાં ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનની મુહિમ ચલાવનારા અન્ના જ્યારથી કેન્દ્રમાં એનડીએ સરકાર આવી છે ત્યારથી ચૂપ થઇ ગયા છે. છેલ્લે જાન્યુઆરી ૨૦૨૦માં તેમણે નિર્ભયાના દોષિતોને ફાંસીની સજા અપાવવા માટે ૩૪ દિવસનું મૌન વ્રત શરૂ કર્યું હતું, ત્યારપછી તેઓ દેખાયા નથી. અન્ના હઝારેનો આજે જન્મદિન છે. ૧૫મી જૂન ૧૯૩૭માં સૈનિક પૌત્ર અને મજૂર પુત્ર અન્ના મહારાષ્ટ્રના રાલેગણ સિદ્ધિ નામના નાનકડા ગામમાં રહે છે. આ ગામ ઓગષ્ટ ૨૦૧૧માં જગપ્રસિદ્ધ બન્યું હતું જ્યારે અન્નાએ નવી દિલ્હીના રામલીલા મેદાનમાં ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન શરૂ કર્યું હતું. દેશભરમાં અન્ના ટોપીનો ક્રેઝ શરૂ થયો હતો. મહારાષ્ટ્રના અહેમદનગર જિલ્લાના પારનેલા તાલુકાના આ ગામમાં ગરીબ પરિવારમાં અન્નાનો જન્મ થયો હતો.

ફુલોની દુકાનમાં ૪૦ રૂપિયામાં નોકરી કરતા હતા, ભારત-ચીન યુદ્ધ બાદ લશ્કરમાં ભરતી થયા

ફુલોની દુકાનમાં કામ કર્યું અને દુકાન શરૂ કરી...

અન્નાના પિતાનું મ બાબુરાવ અને માતા લક્ષ્મીબાઈ હતા. તેમનું બાળપણ ગરીબીમાં ઉછર્યું છે. પિતા મજદૂર હતા અને દાદા લશ્કરમાં હતા. દાદાના અવસાનના સાત વર્ષ પછી અન્ના પરિવાર રાલેગણ સિદ્ધિ રહેવા આવી ગયા હતા. અન્નાને છ ભાઈ છે. પરિવારમાં આર્થિક તંગીની સ્થિતિ જોઈને તેમની બુઆ તેમને મુંબઈ લઈ ગઈ હતી, જ્યાં અન્નાએ સાતમા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. પરિવાર પર કષ્ટ જોઈને અન્ના દાદર સ્ટેશન પર ફૂલોની દુકાનમાં પ્રતિ માસ ૪૦ રૂપિયાના પગારથી નોકરી કરતા હતા, જો કે તે પછી તેમણે ખુદની ફૂલોની દુકાન શરૂ કરી હતી. એ સમયે તેમણે તેમના બે ભાઈને ગામમાંથી મુંબઈ બોલાવી લીધા હતા.

ચીન સાથેના યુદ્ધ પછી અન્ના લશ્કરમાં જોડાયા...

૧૯૬૨માં જ્યારે ભારત અને ચીન વચ્ચે શરૂ થયેલું યુદ્ધ પૂર્ણ થયું ત્યારે ભારત સરકારે યુવાનોને લશ્કરમાં જોડાવાનું આહવાહન કર્યું હતું જેનાથી પ્રેરાઈને અન્ના લશ્કરમાં ભરતી થયાં હતા. અભ્યાસ ઓછો હોવાથી તેમને લશ્કરમાં ડ્રાઈવરની નોકરી મળી હતી. તેમની પહેલી નિમણૂક પંજાબમાં થઈ હતી. ૧૯૬૪માં ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ સમયે અન્ના ખેમકરણ સરહદ પર ફરજ બજાવતા હતા. ૧૨મી નવેમ્બર ૧૯૬૪માં ચોકી પર પાકિસ્તાનના હવાઈ હુમલામાં તમામ સૈનિકો શહીદ થયા હતા. આ ઘટનાએ અન્નાનું જીવન બદલી નાંખ્યું હતું. આ ઘટના પછી અન્નાએ લશ્કરમાં ૧૩ વર્ષ સુધી કામ કર્યું. તેમણે મુંબઈ અને કાશ્મીરમાં પણ ફરજ બજાવી હતી. ૧૯૭૫માં જમ્મૂમાં ફરજ દરમ્યાન સેવાના ૧૫ વર્ષ પૂર્ણ થતાં તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી હતી. લશ્કરની નોકરી છોડીને તેઓ રાલેગણ સિદ્ધિમાં રહેવા લાગ્યા અને આ ગામને તેમણે તેમનું સામાજીક કર્મસ્થળ બનાવી દીધું હતું અને સમાજ સેવાના કાર્યમાં લાગી ગયા હતા.

વતનના ગામને નંદનવન બનાવી દીધું છે...

યુદ્ધમાં મોતના સાક્ષાત્કાર પછી નવી દિલ્હીના રેલવે સ્ટેશન પર તેમણે સ્વામી વિવેકાનંદના એક પુસ્તક કોલ ટુ ધિ યુથ ફોર નેશન ને ખરીદી લીધું. તેને વાંચીને મનમાં તેમના જીવનને સમાજ સમર્પિત કરવાની ઈચ્છા વ્યક્ત કરી. તેમણે મહાત્મા ગાંધી અને વિનોબા ભાવેના પુસ્તકો પણ વાંચ્યા છે. ૧૯૭૦માં આજીવન અવિવાહિત કહેવાનું નક્કી કરીને તેમણે સામાજીક કાર્યોમાં તેમનું જીવન ખર્ચી નાંખ્યું. આ તેમનો સંકલ્પ હતો. મુંબઈ પદસ્થાપન દરમ્યાન તેઓ તેમના ગામ રાલેગણમાં આવતા-જતા હતા. ગામમાં એક પથ્થર પર બેસીને તેઓ ગામને સુધારવાની વાતો વિચારતા હતા. ૧૯૭૮માં સ્વૈચ્છિક નિવૃત્તિ પછી તેમણે ગામમાં જઈને તેમના સામાજીક કાર્યનો પ્રારંભ કરી દીધો હતો. આ ગામમાં વીજળી અને પાણીની મુશ્કેલી હતી તેથી અન્નાએ ગામ કોને નહેર બનાવીને વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે પ્રેરિત કર્યા હતા. તેમના કહેવાથી ગામમાં બધી જગ્યાએ વૃક્ષો વાવવાનું શરૂ કરવામાં આવ્યું અને ગામમાં સોલાર તેમજ ગોબર ગેસની વીજળી શરૂ કરાવી. અન્નાએ તેમની જમીન બાળકોની હોસ્ટેલ માટે દાનમાં આપી દીધી અને પેન્શનના તમામ રૂપિયા ગામના વિકાસ માટે સમર્પિત કર્યા. તેઓ ગામના મંદિરમાં રહેતા હતા અને બાળકોની હોસ્ટેલમાં જમતા હતા. આજે ગામનો પ્રત્યેક નાગરિક આત્મનિર્ભર છે.

શિવસેના અને ભાજપને પણ છોડ્યાં નહીં...

૧૯૯૧માં અન્ના હઝારેએ મહારાષ્ટ્રમાં શિવસેના અને ભાજપની સરકારના ત્રણ ભ્રષ્ટ મંત્રીઓ – શશીકાન્ત સુતર, મહાદેવ શિવાંકર અને બબન ઘોલાપ ને હટાવવાની માગણી સાથે ભૂખ હડતાલ શરૂ કરી હતી. અન્નાએ તેમની ઉપર આવક કરતાં વધુ સંપત્તિ હોવાનો આરોપ મૂક્યો હતો. સરકારે તેમને મનાવવાનો ખૂબ પ્રયાસ કર્યો પરંતુ છેવટે દાગી મંત્રીઓને હટાવવા પડ્યાં. ઘોલાપે અન્ના સામે માનહાનિનો દાવો દાખલ કર્યો હતો તેથી તેમની તરફેણમાં કોઈ સાક્ષી નહીં હોવાથી અન્નાને ત્રણ મહિનાની જેલની સજા થઈ હતી, જો કે તત્કાલિન મુખ્યમંત્રી મનોહર જોષીએ એક દિવસની હિરાસત પછી છોડી દીધા હતા. એક તપાસ ટીમે શશીકાન્ત સુતર અને મનોહર શિવાંકરને નિર્દોશ દર્શાવ્યા છતાં અન્ના હઝારેએ મહારાષ્ટ્ર સરકાર પર ભ્રષ્ટાચારના આરોપ ચાલુ રાખ્યા હતા.

રાઇટ ટુ ઇન્ફર્મેશન એક્ટ અન્નાને આભારી છે...

૧૯૯૭માં અન્ના હઝારેએ સૂચના અધિકાર અધિનિયમના સમર્થનમાં મુંબઈના આઝાદ મેદાનમાં તેમનું અભિયાન શરૂ કર્યું હતું. ૧લી ઓગષ્ટ ૨૦૦૩ના રોજ તેઓ આ મેદાનમાં જ આમરણ આંદોલન શરૂ કર્યું. ૧૨ દિવસ સુધી ચાલેલા આ આંદોલન દરમ્યાન અન્નાના આ આંદોલનને દેશવ્યાપી સમર્થન મળ્યું હતું. છેવટે ૨૦૦૩માં મહારાષ્ટ્ર સરકારને સૂચના અધિકાર અધિનિયમ પસાર કરવો પડ્યો હતો. આ નિર્ણય પછી આંદોલન દેશવ્યાપી શરૂ થયું હતું જેના કારણે ૧૨મી ઓક્ટોબર ૨૦૦૫માં ભારતીય સંસદમાં સૂચના અધિકારી અધનિયમ લાગુ કર્યો હતો. જો કે ઓગષ્ટ ૨૦૦૬માં સૂચના અધિકાર અધિનિયમમાં સંશોધન પ્રસ્તાવ સામે તેમણે ૧૧ દિવસ સુધી આમરણાંત ઉપવાસ શરૂ કર્યા હતા. આ ઉપવાસના કારણે ભારત સરકારને સંશોધન બીલ પડતું મૂકવું પડ્યું હતું. ૨૦૦૩માં અન્નાએ કોંગ્રેસ અને એનસીપીની સરકારના ચાર મંત્રીઓ—સુરેશ દાદા જૈન, નવાબ મલિક, વિજય કુમાર ગાવિત અને પદ્મસિંહ પાટિલને ભ્રષ્ટાચારી કહીને તેમની સામે મુહિમ શરૂ કરી હતી. અન્ના તેમને હટાવવા માટે ભૂખ હડતાલ પર બેસી ગયા હતા. અન્નાના ડરથી મહારાષ્ટ્ર સરકારને એક તપાસ સમિતિની રચના કરવી પડી અને નવાબ મલિકને હટાવવા પડ્યા જ્યારે આયોગમાં સુરેશ જૈન સામે આરોપ સાબિત થતાં તેમને પણ રાજીનામું આપવું પડ્યું હતું. એ સમયમાં અન્નાનો પાવર આવો હતો.

જનલોકપાલ માટે ૨૦૧૧માં દિલ્હીમાં કરેલા અનશનનો મોટો લાભ ભાજપ અને કેજરીવાલે લીધો

જનલોકપાલ માટે અન્નાએ દેશને જાગૃત કર્યો હતો...

અન્નાનું કદ દેશમાં વધી રહ્યું હતું. કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર હતી. આ સરકારમાં ભ્રષ્ટાચાર ચરમસિમાએ હતો. જન લોકપાલની માગણી સાથે અન્ના હજારે ૧મી એપ્રિલ ૨૦૧૧માં દિલ્હીના જંતરમંતર પર ઉપવાસ પર બેસી ગયા. આ આંદોલનમાં મેગ્સેસે એવોર્ડ વિજેતા અરવિંદ કેજરીવાલ, ભારતની પ્રથમ મહિલા પ્રશાસનિક અધિકારી કિરણ બેદી અને પ્રસિદ્ધ લોકધર્મી વકીલ પ્રશાંત ભૂષણનો અન્નાને સાથ મળ્યો હતો. આ આંદોલન તેજીથી દેશભરમાં પ્રસરી રહ્યું હતું ત્યારે લોકપ્રિયતા મેળવવા માટે બાબા રામદેવ પણ ઉપવાસ આંદોલનમાં જોડાયા હતા. બીજી તરફ ભાજપ લોકસભા ૨૦૧૪ની તૈયારી કરી રહ્યો હતો. અન્નાના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનને કારણે ભાજપને ખૂબ મોટો ફાયદો થયો હતો. અન્નાએ જન લોકપાલ બીલના મુદ્દે કેન્દ્રની યુપીએ સરકારને લાચાર બનાવી દીધી હતી. તેમણે તેમની માગણી પ્રમાણેનો લોકપાલ બીલનો મુસદ્દો પણ તૈયાર કરાવ્યો હતો પરંતુ મનમોહનસિંહની સરકારે નકારાત્મક પ્રતિક્રિયા આપી હતી તેથી અન્નાનું આંદોલન વધારે તીવ્ર બની ગયું હતું, છેવટે સરકારને એક સમિતિ બનાવવાની ફરજ પડી હતી અને ૧૬મી ઓગષ્ટે જન લોકપાલ બીલ પાર્લામેન્ટમાં પસાર તો કરાવ્યું પરંતુ તે કમજોર હતું તેથી અન્નાએ ફરીથી ૧૬મી ઓગષ્ટે ઉપવાસ આંદોલન શરૂ કરવાની ધમકી આપી હતી. આ દિવસે જ્યારે તેઓ ઉપવાસની તૈયારી કરતા હતા ત્યારે સવારે દિલ્હી પોલીસે તેમની ઘરમાંથી ધરપકડ કરી લીધી હતી.

છેલ્લે જાન્યુઆરીમાં નિર્ભયાના દોષિતોને ફાંસી અપાવવા અનશન કર્યા, આજે ૮૩મો જન્મદિન

ભૂખ હડતાલની જીદમાં જેલમાં જવું પડ્યું છે...

આ ઘટના પછી ઉપસ્થિત આંદોલનકારીઓ સડકો પર ઉતરી આવ્યા હતા. બાબા રામદેવ સહિતના આંદોલન કારીઓને પોલીસે દોડાવ્યા હતા. દિલ્હી પોલીસે અન્નાને મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા. સરકાર અને પોલીસે તેમની ત્રણ દિવસના ઉપવાસની માગણી ઠુકરાવી અને સાત દિવસ માટે ન્યાયિક હિરાસતમાં તેમને તિહાડ જેલમાં લઈ જવામાં આવ્યા હતા પરંતુ દેશભરમાં વિરોધ પ્રદર્શન જોઈને સરકારને તેનું પગલું પાછું લેવાની ફરજ પડી. દિલ્હી પોલીસે અન્નાને શરતી મુક્તિ માટે કહ્યું પરંતુ અન્ના ઉપવાસ કરવાની જીદ પકડીને બેઠાં હતા. ૧૭મી ઓગષ્ટ સુધી દેશમાં અન્નાના સમર્થનમાં પ્રદર્શનો થતાં રહ્યાં. લોકો તિહાડ જેલમાં પણ પહોંચી ગયા હતા. છેવટે સરકારના કહેવાથી દિલ્હી પોલીસને અન્નાને રામલીલા મેદાનમાં સાત દિવસોના ઉપવાસ કરવાની અનુમતિ આપવી પડી હતી. જો કે અન્નાએ ૩૦ દિવસ માગ્યા હતા પરંતુ તે નહીં મળતાં તેમણે જેલમાં ઉપવાસ શરૂ કરી દીધા હતા. આમ છતાં વિરોધ પ્રદર્શન જોઈને અન્નાને ૧૫ દિવસની છૂટ આપવામાં આવી. અન્નાના ૧૦ દિવસના ઉપવાસ પછી પણ સરકાર તેમની માગણીઓ સંતોષી શકી ન હતી. સમાધાનના ભાગરૂપે અન્નાએ-- તમામ સરકારી કર્મચારીઓને લોકપાલ હેઠળ લાવવામાં આવે, સરકારી કચેરીઓમાં નાગરિક ચાર્ટર લાવવામાં આવે તેમજ તમામ રાજ્યોમાં લોકાયુક્ત બનાવવામાં આવે.—એવી ત્રણ માગણીઓ રજૂ કરી હતી. અન્નાએ કહ્યું હતું કે લોકપાલ વિધેયક પર સંસદ ચર્ચા કરતી હોય અને આ ત્રણ માગણીઓ સ્વિકારે તો તેઓ તેમના ઉપવાસ આંદોલનને સમાપ્ત કરશે. જો કે મનમોહનસિંહે બીલ પર વિચાર કરવાનું કહીને સ્થાયી સમિતિને મુદ્દો સોંપવાનો નિર્ણય લીધો હતો જેનાથી નાખૂશ અન્ના હજારે એ લોકપાલ બીલ તેમજ વિસલ બ્લોઅર બીલના સંદર્ભમાં ૨૫મી મે ૨૦૧૨ના રોજ જંતરમંતર પર ફરીથી એક દિવસના સાંકેતિક ઉપવાસ કર્યા હતા.

ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનથી બે પાર્ટી તરી ગઇ...

અન્નાના જીવનમાં ગાંધીજીના વિચારોનો પ્રભાવ હતો. માથા પર ગાંધી ટોપી અને શરીર પર ખાદી પહેરે છે. આંખો પર મોટા ચશ્મા હોવા છતાં તેઓ દૂરનું જોઈ શકે છે. તેમનો ઈરાદો ફોલાદી અને અટલ હોય છે. મહાત્મા ગાંધી પછી અન્ના હજારે એવા વ્યક્તિ છે કે જેમણે ભૂખ હડતાલ અને આમરણ ઉપવાસનું શસ્ત્ર સૌથી વધુ ઉગામ્યું છે. તેમને લોકો આધુનિક યુગના ગાંધી તરીકે પણ ઓળખે છે. તેઓ માને છે કે ભારતને શક્તિશાળી બનાવવું હોય તો ગામડાંને આત્મનિર્ભર બનાવવા પડશે. વિકાસના લાભમાં ગામડાને કેન્દ્રસ્થાને રાખવા જોઈએ. અન્નાએ ૨૦૧૧માં શરૂ કરેલા ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનમાં જોડાયેલા અરવિંદ કેજરીવાલે પણ ભાજપની જેમ આ આંદોલનને રાજકીય લાભ લઈ લીધો અને દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સ્થાપના કરી સત્તા હાંસલ કરી છે. આંદોલનનો રાજકીય લાભ લેનારા ભાજપ અને અરવિંદ કેજરીવાલથી અન્ના હઝારે એક તબક્કે ખફા થયા હતા અને તેમનો ઉપયોગ થઈ ગયો તેવો વસવસો વ્યક્ત કર્યો હતો.

કોંગ્રેસના શાસનમાં તેમને એવોર્ડ મળેલા છે...

૮૨ વર્ષના અન્ના હજારે અત્યારે તેમના ગામમાં આરામ ફરમાવી રહ્યાં છે. આંદોલન કરવાનો હવે તેમનામાં એટલો જુસ્સો પણ રહ્યો નથી છતાં આજની સ્થિતિએ તેઓ સમાજસેવાના કાર્યોને ભૂલતાં નથી. અન્નાને સમાજ સેવા માટે વિશ્વબેન્કનો જિટગિલ મેમોરિયલ એવોર્ડ મળ્યો છે. ભારત સરકારે પદ્મશ્રી અને પદ્મભૂષણ એવોર્ડ આપેલો છે. મહારાષ્ટ્ર સરકારે કૃષિ ભૂષણ તેમજ રાજીવ ગાંધીએ તેમને ઈન્દિરા ગાંધી પ્રયદર્શિની ખિતાબ પણ આપેલો છે.